April 21, 2015

# પરિવારો માટે અગત્યની તાકીદ:

## પીલ માધ્યમિક શિક્ષકો દ્વારા હડતાળ, વિદ્યાર્થીઓ માટે શાળાઓ May 4, 4, 2015થી બંધ

ઓન્ટેરિઓ સેકન્ડરી સ્કૂલ ટીચર્સ ફેડરેશને (OSSTF) અમને સૂચિત કર્યું છે કે તેમના સભ્યો **- માધ્યમિક માધ્યમિક શિક્ષકો અને પ્રાસંગિક માધ્યમિક શિક્ષકો— May 4, 2015થી અમલી થાય એ રીતે હડતાળ હડતાળ પર હશે.** અમારી ચિંતા અમારા વિદ્યાર્થીઓની સલામતીની છે અને અમે ઈચ્છીએ છીએ કે હડતાળના કોઈપણ પગલા પગલા દરમિયાન અમારી શાળાઓની સ્થિતિને આપ સ્પષ્ટ રીતે સમજો.

**કારણ કે માધ્યમિક શિક્ષકોની હડતાળ દરમિયાન અમે વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત નથી કરી શકતા, May 4, 2015 પીલ બોર્ડની માધ્યમિક શાળાઓ (ગ્રેડ 9થી 12) બંધ રાખવા સિવાય અમારી અમારી પાસે કોઇ વિકલ્પ નથી. હડતાળ દરમિયાન કૃપા કરીને આપના કિશોર/કિશોરીને શાળાએ મોકલશો નહીં.**

May 4 થી:

- ગ્રેડ 9થી 12ના વિદ્યાર્થીઓ માટે નિયમિત પ્રશિક્ષણ સંબંધી કાર્યક્રમો રદ છે.
- અભ્યાસેતર પ્રવૃત્તિઓ, અભ્યાસ પ્રવાસો અને શાળાના કાર્યક્રમો રદ છે.
- માધ્યમિક વિદ્યાર્થીઓ માટેની બસો નહીં ચલાવાય. બસો ફક્ત પ્રાથમિક વિદ્યાર્થીઓ માટેના રૂટ ચાલુ રાખશે.
- શિક્ષકો પીલ સેકન્ડરી સ્કૂલ્સની બહાર ધરણા-દેખાવો કરતા હોઈ શકે. ધરણા-દેખાવો પીલ પ્રાથમિક શાળાઓની બહાર અપેક્ષિત નથી.

પરિવારો અને વિદ્યાર્થીઓની ચિંતાઓ તથા ડરમાં અમે સહભાગી છીએ, તેમ છતાં, પ્રાદેશિક વાટાઘાટનું જે માળખું છે તેમાં પરિસ્થિતિના ઉકેલ માટે બોર્ડ તરીકે અમે કશું કરી શકે એમ નથી. અમે પરિસ્થિતિ ઉપર તથા તેની વિદ્યાર્થીઓ પર અસર અંગે દેખરેખ રાખવાનું ચાલુ રાખીશું, અને  પરિસ્થિતિ બદલાશે તેમ અદ્યતન માહિતીથી આપને વાકેફ રાખીશું. મજદૂર પગલા દરમિયાન દરમિયાન શાળાઓની સ્થિતિ વિશે જાણવા:

- અદ્યતન વિગતો માટે **સોશ્યલ મીડિયા**માં જુઓ— @PeelSchools ને ટ્વિટર પર ફોલો કરો અને/અથવા ફેસબુક પર અમારું પેજ www.facebook.com/peelschools. લાઈક કરો
- પીલ બોર્ડ વેબસાઈટની અત્રે મુલાકાત લો **www.peelschools.org/labour**.

અમે અમારા કર્મચારીઓનાં તમામ જુથો સાથે ન્યાયી, સમાનતાવાળી સહમતિ પર પહોંચવા પ્રતિબધ્ધ રહીએ છીએ. હંમેશની માફક, અમે આપની ધીરજ અને સમજણની પ્રશંસા કરીએ છીએ.



જેનેત મૅકડુગાલ્ડ
ચૅયર, પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ